# શિક્ષકે બાળકને માટીના લોંદાની જેમ ઘડવાનો છે

શિક્ષક એક એવું વ્યાવસાયિક પાત્ર છે કે, જેની પાસે સૌથી વધારે લોકો સૌથી વધારે અપેક્ષા રાખે છે. માટે જ કદાચ આ વ્યવસાયને પવિત્રતા અને નિષ્ઠા સાથે જોડવામાં આવેલ હશે. કોઇ ડાક્તર, કંડક્ટર, વકીલ કે અન્ય કોઇ વ્યવસાયનું પાત્ર કોઇ દુ:વ્યવહાર કરે તો સમાજ તેની સામાન્ય નિંદા કરીને ભૂલી જાય છે, પણ એજ દુ:વ્યવહાર જો કોઇ શિક્ષક દ્વારા થાય તો સમાજ તેની પાછળ પડી જાય છે. તેનું ઘર બહાર નીકળવું પણ મુશ્કેલ બની જાય છે. જે બાબત જ સાબિત કરે છે કે, સમાજની શિક્ષક પાસે વધુ પ્રમાણમાં અને દરેક રીતે વિશિષ્ટ અપેક્ષા છે. જે અપેક્ષાને સંતોષવી તે દરેક શિક્ષકની નૈતિક જ નહીં પણ સર્વગ્રાહી ફરજ ગણી શકાય. જેમાં કોઇપણ શિક્ષકને ઉંણા ઉતરવાનું ન જ પોષાય.

દરેક બાળક શિક્ષકને ભગવાન કરતાં પણ ઊંચા સ્થાને જૂએ છે. આ બાળક યુવાન વયે પહોંચ્યા પછી પોતાના મા-બાપને પગે લાગતાં શરમ સંકોચ અનુભવશે અને કદાચ તેમને પગે નહીં પણ લાગે. જ્યારે આ યુવાનની સામે તેના શિક્ષક આવશે તો ભર બપોરે ભર બજારે તે પગે લાગવામાં સહેજ પણ સંકોચ કે શરમ નહીં રાખે. માત્ર બાળક જ શા માટે દરેક વાલી પણ પોતાના બાળકના શિક્ષકને માનની નજરે જૂએ છે અને માન પણ આપે છે. કોઇ શિક્ષક કોઇ વાલીની દુકાને કે ઓફિસમાં જશે તો તેની સાથેનું વાલીનું વર્તન ભાવથી ભરેલું-નિતરતું જ જોવા મળશે. શિક્ષકનું નાનું સરખું કામ પણ વાલી દોડીને કરે છે. જે બાબત સાબિત કરે છે કે વાલી પણ શિક્ષકને અહોભાવની નજરે જૂએ છે. અન્ય સ્થળે ફરવા ગયેલ વાલી પોતાના બાળકને એકક્ષણ પણ રીઢું મુકતો નથી, એ જ વાલી પોતાના દિલના ટૂકડાને શિક્ષકને સોંપતા સહેજ પણ વિચાર કરતો નથી. વાલીના આ ભરોસાને ટકાવી રાખવાનું કામ સૌ શિક્ષકોએ કરવાનું છે. દરેક વાલી ઘણી મોટી અપેક્ષા અને વિશ્વાસ સાથે પોતાના બાળકને શિક્ષક પાસે મોકલે છે. માત્ર ભણવા કે અક્ષરજ્ઞાન માટે જ નહીં. જો એટલી જ અપેક્ષા હોત તો તે કામ તો વાલી પોતે દરરોજના એક કલાકની મહેનતથી પણ પાર પાડી શકે તેમ છે. માટે તો ઘરમાં અશિસ્ત બર્યું વર્તન કરતા બાળકને વાલી શિક્ષકનું નામ દઇને એક ખૂણામાં પણ બેસાડી શકે છે. જે શિક્ષકની શારીરિક ગેરહાજરીમાં પણ તેના પ્રભાવની સાબિતી છે. આ પ્રભાવને શિક્ષકે ટકાવી રાખવાનો છે.

કુંભાર જેમ માટલું ઘડે છે, તેમ શિક્ષકે બાળકને ઘડવાનો છે.માટલું ઘડતાં કુંભારને થોડા સમય માટે યાદ કરો. તે માટીના લોંદામાંથી માટલું કેવી રીતે બનાવે છે? માટીના લોંદાની પણ કલ્પના કરો. ટકાઉ અને સારી ગુણવત્તા વાળા માટલા ઘડવા કુંભાર માટીના લોંદા પર કેવા કેવા પ્રકારની પ્રક્રિયા કરે છે? માટલાં ઘડવા વપરાતા માટીના લોંદા જુદા જુદા હોય છે. કોઇ લોંદામાં કાંકરા હશે તો કોઇમાં કચરો પણ હશે. કોઇ લોંદામાં વધુ પાણી હશે તો કોઇમાં ઓછું. જુદી જુદી રેતી-માટીમાંથી લોંદા પર વિવિધ પ્રક્રિયા કરીને વધુ કે ઓછો સમય ચાકડો ફેરવીને ધ્યાનમગ્ન થઇને કુંભાર સરસ મજાનું માટલું ઘડે છે. તે જ રીતે શિક્ષકે પણ બાળકને માટીના લોંદાની જેમ જોવાનો છે. જેમ દરેક લોંદાની

વિશેષતા જુદી જુદી હોય છે તેમ બાળકની પણ વિશેષતા જુદી જુદી હોય છે. લોંદામાં કાંકરા, રેતી, કચરો વગેરે હશે તો પણ સમય અને પાણીનો ઉપયોગ કરીને કુંભાર માટલું ઘડે જ છે, તેમ જુદા જુદા બાળકની સક્તિ જુદી જુદી હશે, કોઇ સબળું હશે તો કોઇ નબળું, કોઇમાં બુદ્ધિ શક્તિ વધુ તો કોઇમાં ઓછી, કોઇ બાળકને ઝડપથી શીખે તો વળી કોઇ ધીમી ગતિએ, કોઇને લાંબો સમય યાદ રહે તો કોઇ ઝડપથી ભૂલી જાય. કોઇ બાળક ભાગ્યે જ બિમાર પડે તો કોઇ સતત બિમારીમાં જ રહે. આમ માટીના લોંદામાં માટલું ઘડવા માટે અડચણરૂપ વસ્તુઓને કુંભાર જોઇને, તેને દૂર કરીને વિવિધ પ્રયુક્તિ દ્વારા માટીના લોંદામાંથી માટલું બનાવે જ છે. તેમ શિક્ષકે પણ અભ્યાસ માટે અડચણરૂપ બાબતોને જોઇ, દૂર કરીને બાળકને ઘડવાનો જ છે. કુંભાર જેમ ધીરજ અને વિશ્વાસ રાખીને એક જ ધ્યાનથી પોતાના ધ્યેયને વળગી રહે છે, તેમ શિક્ષકે પણ બાળકમાં વિશ્વાસ રાખી ધીરજથી કામ લઇને બાળકનો વિકાસ સાધવાનો છે. કુંભાર જેમ કચરો દૂર કરે છે, પાણીનો વધુ કે ઓછો ઉપયોગ કરે છે તેમાંથી થોડી શીખ લઇને જો શિક્ષક કામ કરે તો તેની ઘણી મુશ્કેલી હળવી થાય.

અહીં આપણે એ પણ નહીં ભૂલીએ કે, કુંભારે નિર્જીવ વસ્તુ સાથે કામ કરવાનું છે, જ્યારે શિક્ષકે ચેતન વસ્તુ સાથે કામ કરવાનું છે. આમ શિક્ષકનું કામ વધારે મહકવનું અને અઘરું બની જાય છે. માટે તો સમાજ શિક્ષકને સલામ માટે છે અને વાલી-વિદ્યાર્થીઓ પગે લાગે છે. કોઇ વ્યકિંત કુંભારને પગે લાગે છે ? ના. કેમ? બસ આ પ્રશ્નના જવાબમાં જ શિક્ષકના વ્યવસાયની મહત્તા છે. પછી ભલા કોઇ શિક્ષકે સલામ લેવાની આવી તક શા માટે ગુમાવવી જોઇએ? શિક્ષકનો વ્યવસાય માત્ર કુંભારના વ્યવસાય કરતા અઘરો છે તેવું નથી. દાક્તર કે વકીલ જેવા વ્યવસાય કરતા વ્યક્તિને કહો કે, તમારી સામે ૫૦-૬૦ તમારા કસ્ટમર બેઠા છે. તે બધાની જરૂરિયાત પૂરો સંતોષ મળે તે રીતે એક સાથે પૂરી કરવાની છે. જે કામ દાક્તર કે વકીલથી નહીં જ થાય. આવું અઘરું કામ શિક્ષકે કરવાનું છે. આ કામ સારી રીતે, સંતોષ આપનારું કરીશું તો જ કોઇ આપણને સલામ મારશે, નહીં તો જુત્તા તો છે જ ને ! સામાન્ય કામ કરનારને કોઇ સલામ મારતું નથી કે વાહ વાહ બોલતું નથી. બીજા કરતાં અલગ રીતે કામ કરીશું તો જ પૂરા માન સાથે સલામ અને માન મળશે. રાત્રે સારી ઊંઘ પણ આવશે. શરીર નિરોગી રહેશે. આમ આપણા ફાયદા માટે પણ પૂરી નિષ્ઠાથી કામ કરવાનું છે. કુંભાર માટીનો લોંદો જેમ ઘડે છે તેમ શિક્ષકે પણ બાળકને ઘડવાનો છે. માટીના લોંદામાં રહેલી અડચણરૂપ બિનજરૂરી વસ્તુને યાદ કરીને શિક્ષક જો બાળક સાથે કામ કરશે તો તે સો ટકા સફળ થશે. ગૌરવતા પ્રાપ્ત કરશે.

**ચિત્ર : માટલું ઘડતા કુંભારનું ચિત્ર મૂકવું**